NAVSARI AGRICULTURAL UNIVERSITY

# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી

## ઇ-પરિપત્ર

૭૬માં સ્વતંત્રતા દિનની ઉજવણી નિમિત્તે ડો. ઝેડ. પી. પટેલ, માનનીય કુલપતિશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની ઉપસ્થિતિમાં નીચે દર્શાવ્યા મુજબ ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ પ્રસંગની ઉજવણીમાં કૃષિ યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ, પ્રાદ્યાપકશ્રીઓ, સંશોધન વૈજ્ઞાનિકશ્રીઓ, કર્મચારીઓ, વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ તેમજ નવસારી કૃષિ યુનિવર્સિટી પરિવારના તમામ ભાઈ-બહેનો અને બાળકોને નીચે જણાવેલ સ્થળે યોજવામાં આવનાર સ્વતંત્રતા દિનની ઉજવણીમાં સહભાગી થવા ભાવભીનું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

ઉપરોક્ત કાર્યક્રમમાં હાજર રહેનાર સર્વેએ સરકારશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલ કોરોના મહામારીને લગતી માર્ગદર્શક સુચનાઓનું પાલન કરવાનું રહેશે. દરેક વ્યક્તિએ **ફેસમાસ્ક** પહેરીને આવવાનું રહેશે. તેમજ બે વ્યક્તિ વચ્ચે બે **મીટરનું અંતર** જાળવવાનું રહેશે. કોરોના સંક્રમણને ધ્યાને રાખી નાના બાળકો અને મોટી ઉંમરના વ્યક્તિઓ (સિનિયર સીટીઝન) આ રાષ્ટ્રીય પર્વ ઘરે રહીને ઉજવે તે ઇચ્છનીય છે.

**તારીખ : ૧૫/૦૮/૨૦૨૨, (સોમવાર)** **સમય: સવારે ૮:૩૦ કલાકે**

**સ્થળ : યુનિવર્સિટી ભવન, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

જા.નં.નકૃયુ/નિવિક/ સ્વતંત્રતા દિન/ટે.૮/૪૪૯૨-૪૫૦૧ /૨૦૨૨

તા.૦૫/૦૮/૨૦૨૨

નિયામક
વિદ્યાર્થી કલ્યાણ

<u>નકલ સવિનય રવાના પ્રતિ:</u>

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૨. તમામ યુનિટ/સબયુનિટ અધિકારીશ્રીઓ, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.
૩. કાર્યપાલક ઈજનેરશ્રી, ન.કૃ.યુ., નવસારી તરફ જાણ તેમજ ધ્વજવંદનનો સ્તંભ અંગેની જરૂરી વ્યવસ્થા કરવા સારૂ.
૪. પ્રાધ્યાપકશ્રી (ફ્લોરીકલ્ચર), લેન્ડસ્કેપીંગ એટ યુનિવર્સિટી કેમ્પસ, અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તેમજ ધ્વજવંદન સ્થળ ખાતે બ્યુટીફિકેશનની વ્યવસ્થા કરવા સારૂ.
૫. રેકટર/મદદનીશ રેકટરશ્રી, તમામ મહાવિદ્યાલય તરફ જાણ તેમજ હાલમાં હોસ્ટેલમાં રહેનાર વિદ્યાર્થીઓને ધ્વજવંદનમાં હાજર રહેવાની સૂચના આપવા સારૂ.
૬. ડો. આદીલ કાઝી, પ્રો. જી. વી. સવાણી, એન.સી.સી. ઓફિસર, અસ્પી બાગાયત-વ-વનીય મહાવિદ્યાલય, નવસારી/ ડો. એસ. એમ. ગોહિલ,એન.સી.સી. ઓફિસર, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તથા એન.સી.સી. કેડેટસ સહિત ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહેવા સારૂ.
૭. ફીઝીકલ ઇન્સ્ટ્રકટરશ્રી તરફ સ્વચ્છ રાષ્ટ્રીય ધ્વજ ઉપલબ્ધ કરી ધ્વજવંદનની કાર્યવાહી કરવા સારૂ.
૮. પ્રોગ્રામ ઓફિસરશ્રી, રાસેયો(NSS), તમામ મહાવિદ્યાલય, નવસારી તરફ જાણ તથા આપની કોલેજના NCC/NSS વિદ્યાર્થીઓને ડ્રેસ સ્કાફ સાથે ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહેવા જણાવવા સારૂ.
૯. મેડીકલ ઓફિસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ આકસ્મિક સંજોગોમાં સ્ટાફ સાથે સારવાર માટે ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહેવા સારૂ.
૧૦. ડો. મનિષભાઇ આહીર, મદદનીશ પ્રાધ્યાપક, બાગાયત પોલીટેકનીક, નવસારી તેમજ ડો. સચિન પટેલ, મદદનીશ પ્રાધ્યાપક, ન.મ.કૃષિ મહાવિદ્યાલય, નવસારી તરફ ધ્વજવંદન કાર્યક્રમમાં હાજર રહેનાર તમામને પ્રસાદી આપવાની વ્યવસ્થા કરવા સારૂ.
૧૧. સિક્યુરીટી ઓફિસરશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી તરફ જાણ તેમજ ધ્વજા રક્ષક તથા કમાન્ડરની જવાબદારી અદા કરવા સારૂ.